# ....અને દરિયાભાઈની તબિયત

– હેમંત કારિયા

દરિયાભાઈ એટલે દરિયાભાઈ. મજાના ને મોજીલા જીવ. ખાય પણ પાણી અને પીવે પણ પાણી. દરિયાભાઈને ખવડાવે, પીવડાવે કોણ ? નદીબહેન. એક વખત રાતના સમયે એક નદીબહેન દરિયાભાઈ પાસે આવ્યાં ને દરિયાભાઈને પૂછ્યું. ''બોલો દરિયાભાઈ, કેટલી તરસ છે ને કેટલી ભૂખ છે ? બોલો કેટલું પાણી આપું ?''

દરિયાભાઈ તો આખા દિવસના થાક્યા–પાક્યા આંખો મીંચીને આડા પાડયા હતા અને અડધા ઊંઘમાં હતા. ઊંઘમાં ને ઊંઘમાં જ નદીબહેનને કહ્યું : ''તમારી પાસે જેટલું પાણી હોય એટલી તરસ છે ને એટલી જ ભૂખ છે. બધું જ પાણી આપી દો.'' સાંભળીને નદીબહેને તો બધું જ પાણી દરિયાભાઈને ખવડાવી, પીવડાવી દીધું. વધુ પડતું પાણી ખવાઈ–પીવાઈ ગયું એટલે દરિયાભાઈની તબિયત તો બગડી. દરિયાભાઈને થયું કે 'જરા કિનારા પર આંટો મારવા નીકળું તો સારું લાગશે.' એમ વિચારીને પોતાનાં મોજાંને લઈને એ તો કિનારા પર આંટો મારવા નીકળ્યા પણ પાછા ફરતી વખતે માનવે વિપુલ પ્રમાણમાં કરેલો કચરો પણ પોતાની સાથે લઈ ગયા. તે પણ દરિયાભાઈના પેટમાં ઠલવાઈ ગયો. એમાં તો એમની તબિયત વધારે બગડી. ખૂબ જ ઉછાળા મારે પણ કેમેય કરીને શાંતિ થાય જ નહીં. ઉપર આકાશમાં વાદળાં પસાર થતાં હતાં. એમણે જોયું કે આજે દરિયાભાઈનો મૂળ સારો લાગતો નથી. દરિયાભાઈ આજે મજામાં લાગતા નથી. પછી અંદર અંદર વાતો કરવા લાગ્યાં. એક વાદળ કહે : ''મને લાગે છે કે, દરિયાભાઈને તાવ આવ્યો છે.'' તો બીજું વાદળ ઠાવકું મોઢું કરીને કહે : ''ના, ના કંઈ તાવ, બાવ આવ્યો નથી. બહુ પાણી ખવાઈ, પીવાઈ ગયું હશે એટલે અપચો થયો લાગે છે.'' તો વળી ત્રીજું કહે : ''કદાચ એસિડિટી થઈ હશે.'' તો ચોથું કહે : ''ના, ના હમણાં તાવના વાયરા ચાલે છે એટલે તાવ જ આવ્યો હોવો જોઈએ. હું એક સલાહ આપું. આપણે આ વાત સૂરજદાદાને કરવી જોઈએ. દરિયાભાઈની આવી હાલત મારાથી તો જોવાતી નથી.'' બધાંએ કહ્યું ''હા, હા આપણે આ વાત સૂરજદાદાને કરીએ.'' પછી બધાંએ એ વાત સૂરજદાદાને કરી. સૂરજદાદાએ જોયું તો દરિયો એમને પણ અશાંત લાગ્યો. એમણે એક ડૉક્ટરવાદળને બોલાવ્યા અને દરિયાની અશાંતિનું કારણ પૂછ્યું. ડૉક્ટરવાદળ તો દરિયાભાઈને તપાસવા નીચે આવ્યા અને તપાસીને પાછા ઉપર ચાલ્યા, સૂરજદાદા પાસે. સૂરજદાદાને કહ્યું કે 'દરિયાભાઈથી વધુ પડતું પાણી ખવાઈ, પીવાઈ ગયું છે. તમે જલદી કંઈક કરો, નહીં તો જો દરિયાભાઈનું પેટ ફાટી જશે તો બધે જળબંબાકાર થઈ જશે.'' સૂરજદાદા તો ચિંતામાં પડી ગયા કે 'હવે શું કરવું.?'

એમણે ડૉક્ટરવાદળને પૂછ્યું : ''તમે જ કહો આપણે શું કરવું જોઈએ ?'' એટલે ડૉક્ટરવાદળે કહ્યું : જો મારી સલાહ માનો તો તમારાં કિરણો મોકલો ને એમને કહો કે વધારાનું પાણી ચૂસી લે.'' એટલે સૂરજદાદાએ તો એમનાં કિરણોને હુકમ કર્યો. એટલે જોતજોતામાં તો એમનાં કિરણો વધારાનું પાણી ચૂસી આવ્યાં, પણ કિરણો કંઈ પોતાની પાસે પાણી રાખી ન શકે. આકાશમાં પણ પાણી રાખવું ક્યાં ? દરિયાભાઈને તો શાંતિ થઈ ગઈ, પણ સૂરજદાદાની ચિંતા વધી ગઈ કે પાણી રાખવું ક્યાં ? આવી બધી બાબતમાં સૂરજદાદાનું મગજ કંઈ ચાલે નહીં, એટલે એમણે તો ડૉક્ટરવાદળને જ કહ્યું,



''આ પાણી ચૂસી લાવવાનું તમે જ કહેલું. હવે આ પાણી રાખવાનું આકાશમાં કોઈ સાધન છે જ નહીં. એટલે આ પાણી તમારે બધાં વાદળોએ થોડું થોડું ઉપાડીને ફરવું પડશે, કારણ કે મારાં કિરણો કંઈ વધારે સમય પાણી પોતાની પાસે રાખી શકે એમ નથી.'' સૂરજદાદાને કંઈ ના પડાય ? બધાં વાદળો તો કતારમાં ઊભાં રહી ગયાં એટલે સૂરજનાં કિરણોએ તો પાણી વાદળો પર ઠાલવવાનું ચાલુ કરી દીધું. થોડીવારમાં તો બધાં વાદળો પર થોડું થોડું પાણી ઠલવાઈ ગયું. પાણી પોતાના પર આવી જવાને કારણે ધોળાંધોળાં દૂધ જેવાં વાદળાં કાળાંકાળાં મેશ જેવાં થઈ ગયાં. હંમેશાં હળવાંફૂલ લાગતાં વાદળાં ભારે ભરખમ થઈ ગયાં. બરાબર ઊડી પણ ન શકે. એટલે વાદળોને ચિંતા થઈ પડી. દરિયાભાઈની ચિંતા સૂરજનાં કિરણોએ લીધી તો સૂરજનાં કિરણોની ચિંતા વાદળોએ લીધી. હવે શું કરવું ? બધાં વાદળાંએ બે હાથ જોડીને સૂરજદાદાને વિનંતી કરી : ''આ પાણીનું કંઈક કરો. અમારાથી આ પાણીનો ભાર નહીં ઉપાડી શકાય.'' એ વાદળાંમાં એક વૃદ્ધ અને શાણું વાદળ હતું. એ આગળ આવ્યું અને સૂરજદાદાને ખૂબ જ વિનમ્રતાથી કહ્યું : ''દાદા, નીચે ધરતી પર ઘણે ઠેકાણે પાણી ન હોવાને કારણે ધરતીનાં પડ સૂકાઈ રહ્યાં છે. પશું, પંખી, માણસો પાણી વિના તરફડીને મરી રહ્યાં છે. જો આપ આજ્ઞા કરો તો વાદળાં ઉપર સંગ્રહાયેલું પાણી આપણે ધરતીને આપી દઈએ. ધરતી પર જે વિનાશ થાય છે એ પણ અટકશે અને વાદળાંની સમસ્યાનો પણ હલ થઈ જશે.'' સૂરજદાદાને તો આ વાત ખૂબ જ વ્યવહારુ લાગી, એટલે એમણે તો તરત જ વાત વધાવી લીધી. બધાં વાદળાં પણ ખુશ થઈ ગયાં અને હર્ષથી

નાચવા લાગ્યાં. જેને જ્યાં ઠીક લાગ્યું ત્યાં વરસી પડયાં અને સૂકાયેલી ધરતીને પાણી આપીને લીઘીછમ કરી દીધી.

પશુ, પંખી અને માણસોનો થતો નાશ પણ અટકી ગયો. બધે ખુશી જ ખુશી પથરાઈ ગઈ. સૂરજદાદાને તો આ બહુ જ ગમ્યું. એટલે એમણે તો પોતાનાં કિરણોને હુકમ કર્યો કે ''તમારે રોજ થોડું થોડું પાણી દરિયામાંથી લઈ આવવાનું અને વાદળોને આપવાનું. આમ જ્યારે વાદળાં આખાં પાણીથી ભરાઈ જાય એટલે એમણે ધરતી પર જ્યાં પાણી ન હોય ત્યાં વરસાદરૂપે પાણી આપી આવવાનું.'' સૂરજનાં કિરણો અને વાદળો બન્નેને આ કામ કરવાનું ખૂબ ગમ્યું. આ વાતને લાખો વર્ષો વીત્યાં પણ આ કામ હજીય ચાલુ જ છે.

■